# શિક્ષકઃ સામાજિક સુધારક તરીકે

**ગામી મહેશભાઈ એસ.**
આદર્શ નિવાસી શાળા
કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્. ) પાલનપુર

**પ્રા. ભરતકુમાર પી. માળી**
પીએચ. ડી. સ્ટુડન્ટ
ભાગવંત યુનિ.,અજમેર

## ૧. પ્રસ્તાવના

જીવનમાં માતા–પિતા પછી કોઈ સ્થાન લઈ શકનાર વ્યકિત હોય તો ગુરૂ ( શિક્ષક ) છે. આથી આ સ માજને શિક્ષક પ્રતયે અનેક અપેક્ષાઓ રહેલી હોય છે. લોકો જાણે છે કે, સમાજમાં પડેલી કેટલીક બદીઓ આપોઆપ દૂર થઈ જશે નહી તેને દૂર કરવા માટે આકાશમાંથી કોઈ ફરિશ્તાઓ પણ નહીં ઉતરે. તે દૂર થશે સમાજના જ લોકો દ્વારા. સમાજના લોકોને જગાડવાનું કામ, તેમનામાં સમાજ પ્રત્યે ઉદાત ભાવના કેળવવાનું કામ એક શિક્ષક જ સારી રીતે કરી શકે છે. આજે ડૉકટર, કલેકટર કે વકીલને લોકો પગે લાગતા નથી પરંતુ જો પોતાના શિક્ષક સામે મળ્યા હોય તો તેઓ હૃદયપૂર્વક તેમને વંદન કરે છે. જે દર્શાવે છે, સમાજમાં શિક્ષકનું માન સન્માન વધુ છે. આથી શિક્ષક પક્ષે પણ ફરજ બને છે કે તે પણ સમાજ માટે કંઈક કાર્યો કરી એક સાચા અર્થમાં નિ શ્વાર્થ સમાજ સુધારક બને.

## ૨. શિક્ષકના સમાજ સુધારક તરીકેના પ્રયાસો

શિક્ષકે સૌ પ્રથમ એ બાબત પર વિચાર કરવો જોઈએ કે, આપણા સમાજમાં એવા કયા દૂષણો ઘર કરી ગયા છે કે, જેમને દૂર કરવાથી આપણો સમાજ પુનઃચેતનવંતો બની જાય. આજે સમાજમાં ગંદકી, સ્ત્રીભૃણ હત્યા, આંતકવાદ, વૃદ્ધાશ્રમો, વ્યસનો, દહેજો, ભ્રષ્ટાચાર જેવી અનેક બદીઓ છે જો તેને દૂર કરવામાં શિક્ષક સફળ બને તો તે સમાજને સુધારવામાં સાર્થક રહેશે. આ બદીઓ (દૂષણો)દૂર કરવા અર્થે શિક્ષક નીચેના જેવા કાર્યો કરી શકે છે.

- **સ્વચ્છતા અભિયાન**

પ્રથમ તો સમાજમાં ઠેર–ઠેર ગંદકીના સ્તરો જામી ગયેલા જોવા મળે છે. લોકો તેને સરકાર પર છોડી તેના તરફ દુર્લક્ષ સેવે છે. પરિણામ સ્વરૂપ સમાજમાં રોગચાળો ફેલાય છે. શિક્ષકે સમાજમાંથી ગંદકી દૂર કરવા માટે એક સ્વચ્છતા અભિયાન ચલાવવું જોઈએ. જેમાં તેણે પોતાની શાળાના વર્ગખંડ થી માંડી પોતાના શહેર સુધી સ્વચ્છતાનો નારો ગુંજતો કરવો જોઈએ. આ માટે શિક્ષક વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ સમાજના અન્ય સભ્યોનો સાથ સહકાર મેળવી લોકોને જાગ્રત કરવા કે દરેક વ્યકિત જો પોતાના ઘરનું આગણું સ્વચ્છ રાખે અને જયાં ત્યાં કચરો ન ફેંકે તો આપો આપ સમાજમાં સ્વચ્છતા અને સુઘડતા પ્રસરશે.

- **બેટી બચાવો અભિયાન**

આજે સમાજમાં દીકરીને સાપનો ભારો માનવામાં આવેલ છે. ભણેલા લોકો પણ સ્ત્રીભૃણ હત્યા જેવું નિર્દયી પગલું ભરતા અચકાતા નથી. શિક્ષકે આ દૂષણ દૂર કરવા માટે શાળાકક્ષા એ વાલી મીટીંગ યોજી શકે. દીકરો દીકરી સમાન છે એવા પ્રવચનો યોજી શકે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ અને અન્ય સમાજ સેવકોનો સાથ સહકાર મેળવી બેટી બચાવો અભિયાન થકી શેરીઓ મહોલ્લાઓમાં તેમજ ઘેર ઘેર જઈ લોકોમાં જાગૃતતા લાવી શકે છે. નાટયપ્રવૃત્તિથી લોકોમાં જાગૃતિ લાવી શકે.

- **વ્યસનમુકિત અભિયાન**

આજે સમાજના લોકો શારીરિક રીતે અશકત જોવા મળે છે જેનું મુખ્ય કારણ છે વ્યસન. જો સમાજને દારૂ, અફીણ, ચરસ, ગાંજો, તમાકું જેવી હાનિકારક વસ્તુઓથી દૂર રાખીએ તો તેના વિકાસને આપોઆપ વેગ મળશે. સમાજને વ્યસનોથી મુકિત અપાવવા શિક્ષક શાળા કક્ષાએ દરેક વિદ્યાર્થીને એક કામ સોંપે જેમાં દરેક વિદ્યાર્થી એક વ્યકિતને વ્યસનથી મુકિત અપાવે. આ ઉપરાંત સમાજના કાર્યકરોને એકત્ર કરી શેરીનાટકો, પોસ્ટરો અને નારાઓ દ્વારા વ્યસન મુકિત અભિયાન ચલાવી શકે. દરેક નિર્વ્યસની વ્યકિત એક વ્યકિતને વ્યસનથી મુકિત અપાવવા પોતાનો ફાળો આપે.

- **સાક્ષરતા અભિયાન**

જો સમાજ શિક્ષિત હશે તો આપોઆપ તેમાં રહેલા દૂષણો દૂર થઈ જશે. સમાજને નિરક્ષરમાંથી સાક્ષર બનાવવાનું કામ શિક્ષકનું છે. શિક્ષક શાળાકક્ષાએ વિદ્યાર્થીઓને વેકેશન પ્રવૃત્તિના ભાગરૂપ એક વિદ્યાર્થીએ એક વ્યકિતને અક્ષરજ્ઞાન એટલે કે, લખતા વાંચતા શિખવવું એવી પ્રવૃત્તિ સોંપે. સમાજમાં સાક્ષરતા જાગૃતિ અભિયાન ચલાવે. સરકારશ્રીની મળતી તમામ મદદનો સમાજને લાભ અપાવે. લોકોને નાના ગૃહઉદ્યોગો શીખવી રોજગારીની તકો પૂરી પાડી શકે. શિક્ષક પોતાના ઘરની શેરીથી માંડીને પુરા સમાજમાં સાક્ષર લોકોને એ અર્થે જાગૃત કરે કે, એક સાક્ષર વ્યકિતઓ એક વર્ષમાં એક નિરક્ષર વ્યકિતને અક્ષરજ્ઞાન કરાવવું.

- **જનજાગૃતિ અભિયાન**

આજે સમાજના લોકો પોતાના હક પ્રત્યે જેટલા જાગૃત છે તેટલા પોતાની ફરજો પ્રત્યે નથી. શિક્ષકે લોકોને તેમની સમાજ પ્રત્યેની ફરજોથી માહિતગાર કરવા જોઈએ. શિક્ષક અલગ–અલગ સ્થળોએ લોકોને જાગૃતિ અર્થે એકઠા કરી તેમને સમજ પૂરી પાડે કે, આપણે પોતાના હક ત્યારે જ ભોગવી શકીએ જયારે પ્રથમ આપણી ફરજો નિભાવી હોય. આમ, શિક્ષકો લોકોને સમાજ પ્રતયેની દરેકની જવાબદારીથી વાકેફ કરી શકે.

- **દહેજપ્રથા નાબૂદી અભિયાન**

આજે સમાજમાં દીકરીઓની થતી અવગણનાનું મુખ્ય કારણ હોય તો તે છે દહેજ. શિક્ષકે સમાજમાં સામાજિક વ્યવહારના નામે ઘર કરી ગયેલી આ દહેજપ્રથાને જડમુળથી ઉખેડી નાંખવી જોઈએ શિક્ષક સમાજના અગ્રીમ કાર્યકરોને એકઠા કરી સમાજની મિટીંગો યોજી શકે અને તેમાં એક પરિવર્તનના ભાગરૂપે સમાજના નિયમો બનાવવા સૂચવી શકે.જેમાં દહેજ લેનાર અને દેનાર બંન્ને દોષિત ઠરી સમાજમાંથી બરતરફ થઈ શકે. આમ, શિક્ષકની વાત સર્વ કોઈ સમાજે એને સહજ રીતે સ્વીકારે તેવા શિક્ષક દ્વારા પ્રયાસો થવા જોઈએ. આ ઉપરાંત નાની વયે થતા લગ્નો પણ અટકાવવા જોઈએ. નાની વયે થતા લગ્નથી પડતી શારીરિક અને માનસિક મુશ્કેલીઓથી લોકોને માહિતગાર કરવા જોઈએ.

- **વૃદ્ધાશ્રમ નાબૂદી અભિયાન**

સમાજમાં આજે એક મા–બાપ પોતાના સાત સંતાનોને ઉછેરી શકે છે. પરંતુ સાત સંતાનો એક મા–બાપને ઉછેરી શકતા નથી. શિક્ષક પક્ષે આ મહત્વની કામગીરી છે. તેણે પ્રથમ શાળાકક્ષાએ વિદ્યાર્થીઓને જીવનમાં માતા–પિતાનું મહત્વ સમજાવવું જોઈએ. સમાજમાં તેણે વિવિધ પ્રવૃત્તિઓ જેવા કે, સ્વાધ્યાયો, ધર્મકથા, પ્રવચનો વગેરેના માધ્યમ થકી સમાજના લોકોના માનસમાં એક વાત ઠરાવવી જોઈએ કે, જો આજે જે પોતાના મા–બાપની અવગણના કરે છે અને વૃદ્ધાશ્રમમાં મોકલવા તૈયાર થાય છે. આવતીકાલે તેમના સંતાનો પણ આમ કરતાં ખચકાશે નહીં. જેવું આપશો તેવું પામશો જેવું કરશો તેવું ભોગવશો જેવા સૂત્રો દ્વારા સમાજમાંથી આ દૂષણ દૂર કરવું જોઈએ.

- **આંતકવાદ વિરોધી અભિયાન**

સમાજમાં પ્રસરેલા આંતકવાદના ભયે લોકોના ધર્મના નામે વિખૂટા પાડયા છે. શિક્ષકે શાળાકક્ષાએ પાઠયક્રમમાં જ આંતકવાદ વિશેની વિસ્તૃત સમજ પુરી પાડતા અને તેને દૂર કરવાના ઉપાયો જેવા એકમો સમાવિષ્ટ કરાવવા જોઈએ. વિદ્યાર્થીઓથી માંડીને વાલીઓ તેમજ ધર્મપ્રચારકોને પણ એ વાત સમજાવવી જોઈએ કે, આંતકવાદને નથી હોતો કોઈ ધર્મ કે નથી હોતો કોઈ મજહબ. જો સમાજના સભ્યો એકજૂથ મળીને રહે તો સમાજમાં આંતકવાદ ઘૂસી શકે નહીં. આ ઉપરાંત, સરકારશ્રી દ્વારા બહાર પડાયેલા પુસ્તકો અને પત્રિકાઓની વહેંચણી કરી દરેક વ્યકિતએ રાખવી પડતી કેટલીક તકેદારીથી માહિતગાર કરવા જોઈએ.

- **સ્વાસ્થ્ય જાગૃતતા**

શિક્ષકે શાળાઓમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ કરવા માટે વિવિધ સમાજના લોકોને સ્વાસ્થ્યના ફાયદા અને મર્યાદાઓથી પરિચિત કરીને સુટેવોથી જાગૃત કરવા જોઈએ. સારું આરોગ્ય માટે પૌષ્ટિક આહારથી સ્વાસ્થ્ય હંમેશાં સારું જળવાય છે. વિવિધ સ્વાસ્થ્ય ચકાસણી માટેના આરોગ્ય સંસ્થાઓનો પરિચય અને વિવિધ રોગો થવાના કારણોની સમજણ આપવી જ જોઈએ.

દરવર્ષે ૭ એપ્રિલના દિવસે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા વિશ્વ સ્વાસ્થ્ય દિન ઉજવાય છે તે દિવસની ઉજવણી સમાજમાં સામૂહિક ભાવનાથી કરીને સ્વાસ્થ્ય જાગૃતતા કેળવવી જોઈએ.

- **બ્લડ ડોનેશન કેમ્પ**

માનવજીવન ખૂબ અણમોણ છે. અકસ્માત અને કેટલીક બિમારીઓમાં લોહીની ખૂબ જ આવશ્યકતા રહે છે. જરૂરીયાતવાળા દર્દીઓને સમયસર લોહી મળી રહે તે હેતુથી સમાજ દ્વારા બ્લડડોનેશન કેમ્પનું આયોજન કરવું જોઈએ. સમાજના નિયમિત રકતદાતાઓની યાદી બનાવી જોઈએ. બ્લડગ્રુપનો પ્રકાર દરેક વ્યકિતમાં કયો છે તે દરેક જાણવું જરૂર, બ્લડગ્રૂપના આધારે જાપાનમાં વ્યકિતત્વના લક્ષણોની ઓળખ થાય. આમ, જયોતિષશાસ્ત્રની જેમ બ્લડગ્રૂપના આધારે અનેક ભવિષ્યવાણીઓ કરવામાં આવે છે. આમ, સમાજના લોકોને બ્લડ પ્રત્યે જાગૃત કરવા માટે વિવિધ સમયે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન શિક્ષકે સમાજના લોકોને સાથસહકાર કરવો જોઈએ.

- **રાષ્ટ્રભાવના પ્રત્યે જાગૃતિ**

સમાજના લોકોને આપણી રાષ્ટ્રીયતા પ્રત્યે ગૌરવ હોવું જોઈએ તે માટે રાષ્ટ્રભાવના કેળવાય તે માટે વિવિધ પર્વોની ઉજવણી સામૂહિક ભાવનાથી કરવી જોઈએ. એકમેક થઈને સર્વધર્મ સમભાવની લાગણી તરફ સમાજ પ્રેરાય તે જરૂરી. રાષ્ટ્રભાવનાને લગતી વિવિધ પ્રાર્થનાઓ, ગીતો અને શ્લોકોનું સમૂહગાન અને રાષ્ટ્રીય પ્રતિજ્ઞાઓથી જાગૃત કરવા જોઈએ. રાષ્ટ્રીયભાવનાની વિવિધ શિબિરો, પરિષદો કે સંગોષ્ઠીઓનું આયોજન કરવું. ૧૫ મી ઓગસ્ટ, ૨૬ મી જાન્યુઆરી, અહિંસા દિવસ, વિશ્વ પર્યાવરણ દિન વગેરે દિવસોની ઉજવણી કરવી જોઈએ. શાળામાં વિવિધ મહાપુરુષો, રાષ્ટ્ર પુરુષો, નેતાઓ, સંતો, મહંતોનાં પ્રવચનો યોજવાં જોઈએ. જેનાથી સમાજ રાષ્ટ્રીયભાવના પ્રત્યેની લાગણીનો અનુભવ વ્યકત કરી શકે.

- **પર્યાવરણ જાગૃતા**

ગ્લોબલ વાર્મિંગ અને કલાયમેન્ટ રોજ એ વર્તમાન સમયની વૈશ્વિક સમસ્યા છે. આ સમસ્યાનો એક ઉકેલ વૃક્ષો છે. ગાંધીનગર એ હરીયાળું નગર છે. આ નગરની પર્યાવરણીય સુંદરતા બની રહે તે માટે પ્રતિવર્ષ સમાજના અગ્રણીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવું જોઈએ અને સમાજના લોકોને વૃક્ષારોપણ કરવા માટે જાગૃત કરવા જોઈએ. ૫ જૂનના રોજ પર્યાવરણ દિવસ તરીકે ઉજવાય છે. આ દિવસની ઉજવણી વૃક્ષો વાવીને કરવી જોઈએ.

- **કારકિર્દી માર્ગદર્શન સેમિનાર**

આજના આધુનિક યુગમાં સમાજમાં સમાજના લોકોએ આગેકૂચ વિકાસની હરણફાળ ભરી છે. ત્યારે પોતાના સંતાનો માટે યોગ્ય કારકિર્દી ઘડતર થાય તે દરેક વાલીની ફરજ બને છે. કારકિર્દી ઘડતરની આંધળું અનુકરણ સમાજના લોકોને જોઈને ન કરવું જોઈએ.
પોતાના સંતાનમાં જે શકિતઓ પડલી તેને જાગૃત કરવા માટે સ્વતંત્રતા અને હૂંફ આપવી જોઈએ. બાળકની જે તરફ કારકિર્દીની યોગ્યતાઓની જાગૃતતા કે આકાંક્ષાઓ હોય તે તરફ જ આગેકૂચ કરવી જોઈએ.

આમ સમાજમાં વિવિધ રીતે યોગ્ય કારકિર્દી ઘડતર માટેના વિવિધ માર્ગદર્શન અને ભાવિ ઘડતર માટેની ઈમારતો માટે વિવિધ માર્ગદર્શન શિબરો કે સેમીનારોનું આયોજન કરવું જોઈએ. વિવિધ રીતે અભ્યાસકક્રમોના આધારે વિવિધ તકોની જાણકારીથી જાગૃત કરવા જોઈએ. જેના કારણ પોતાના સંતાનોમાં રહેલી શકિતઓ પ્રત્યે સજાગ રહીને યોગ્ય કારકિર્દી ઘડતર કરવામાં સિંહફાળો આપી શકે. ધોરણ–૧૦ કે ૧૨ પછી વિવિધ અભ્યાસક્રમોની તક પ્રતયે વિવિધ તજજ્ઞોને બોલાવીને કારકિર્દી માર્ગદર્શન અંગે સમાજના લોકોને જાગૃત કરવા જોઈએ.

- **મહિલા શિબિર**

આદર્શ સ્ત્રી એ ઘરનું ઘરેણું છે. સમાજની બહેનો એક આદર્શ ગૃહિણી બનીને તેના કુટુંબની સેવા કરે અને બાળકોનો સર્વાંગી વિકાસ કરે તે હેતુથી મહિલા શિબિરનું આયોજન કરવું જોઈએ. જેમાં વિવિધ તજજ્ઞશ્રીઓ જુદા જુદા વિષય પર માર્ગદર્શન આવે. જેમાં વ્યકિતત્વ વિકાસ, બાળ ઉછેર, પૌષ્ટિક ખોરાક, ગૃહ ઉદ્યોગ, બચત, કાનૂની સલાહ, ખોરાકમાં થતી ભેળસેળ, સ્ત્રી આરોગ્ય, ઊર્જા બચત જેવા વિષયોને આવરી લેતા હોય તેવા વિષયો પર માર્ગદર્શન આપવું જોઈએ અને મહિલાઓને જાગૃત કરવી જોઈએ.

- **યુવા શિબિર**

યુવાનોએ આપણા દેશનું ધન છે. યુવાનો પોતાની કારકિર્દી દરમિયાન કેટલીક પાયાની બાબતોની જાણકારી મેળવે તો જીવનમાં ઘણી ઉપયોગી પૂરવાર થાય. યુવા શિબિર દરમિયાન યુવાનોને નેતૃત્વ દેશપ્રેમ, વ્યકિતત્વ વિકાસ, આરોગ્ય, સામાજિક જવાબદારી,

વ્યાવસાયિક સજ્જતા, વિવિધ ગુણો વગેરેની તાલીમ આપવી જોઈએ. જેથી યુવાનો સતત જાગૃત રહીને સમાજને આગળ લાવવામાં મહત્વનો ફાળો રહેલો છે.

- **સમાજના તેજસ્વી અધ્યેતાઓનું સન્માન**

દર વર્ષે અભ્યાસમાં સારું પરિણામ લાવનાર વિદ્યાર્થીને સમાજના લોકો દ્વારા સન્માન કાર્યક્રમનું આયોજન કરવા માટે સમાજના લોકોને જાગૃત કરવા જોઈએ અને આ કાર્યક્રમો દર વર્ષે યોજાય તે માટેનું આયોજન કરવું જોઈએ.

**૩. ઉપસંહાર**

આમ, શિક્ષકે પોતાને મળેલી આ અમૂલ્ય તકને ઝડપી લેવી જોઈએ. શિક્ષક પાસે માં સરસ્વતી ની કૃપાથી વાણીમાં એટલી શકિત રહેલી હોય છે કે જે લોકોના માનસમાં સમાજ પ્રત્યેની ઉદાત ભાવના જાગૃત કરી શકે છે. તેમજ લોકોને એકજૂથ કરી સમાજના દૂષણો દૂર કરી શકે છે. સમાજ આજે રાહ જોઈ રહ્યો છે એ શિક્ષકની કે જે સમાજ સુધારક તરીકે પોતાની સામાજિક ભૂમિકા ભજવે.